અપીલ અરજી નં. ૫૭૯ તા.૨૩–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી તા. ૨૯–૧૧–૧૧ ના રોજના પત્ર સાથે કેટલાક ગેરકાયદે ઊભા થયેલ બાંધકામો અંગેના પુરાવાઓ આપની કચેરીમાં આપેલ હતા તો તે પુરાવાઓ સહિતના પત્રના અનુસંધાનમાં આપના વિભાગ તરફથી પશ્ચિમઝોન કચેરીમાં અથવા અન્ય કોઈ કચેરીમાં જે પત્રવ્યવહાર/માહિતીની કામગીરી થઈ હોય તો તે તમામ પત્રોની નકલ સહિતની કામગીરીની વિગતો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૭૯/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી તા. ૨૯–૧૧–૧૧ ના રોજના પત્ર સાથે કેટલાક ગેરકાયદે ઊભા થયેલ બાંધકામો અંગેના પુરાવાઓ આપની કચેરીમાં આપેલ હતા તો તે પુરાવાઓ સહિતના પત્રના અનુસંધાનમાં આપના વિભાગ તરફથી પશ્ચિમઝોન કચેરીમાં અથવા અન્ય કોઈ કચેરીમાં જે પત્રવ્યવહાર/માહિતીની કામગીરી થઈ હોય તો તે તમામ પત્રોની નકલ સહિતની કામગીરીની વિગતો આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં./૯૯૨ તા.૨૧–૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૧–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા, ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સાથે ખાસ કરીને કમિશ્નરશ્રીને થયેલ રજુઆત સબંધિત વિભાગો–ખાતાને મોકલ્યા રવાના કર્યાના કાગળની Movement વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૪૯ તા.૩–૨–૧૨ થી** ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મળેલ જણાય છે. દફતરનો હવાલો ધરાવતા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મળ્યા બાદ નારાજગીની વિગતો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૧૦૮૫ તા.૨૧–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૯૯૨ તા.૨૧–૧–૧૨ ના પત્રની નકલ, શ્રીમતિ નિહારીકાબેન તરૂણભાઈ અગ્રવાલને તા.૬–૨–૧૧ ના રોજ આપેલ નોટીસની નકલ તથા બાંધકામના ફોટોગ્રાફ તથા રાંદેરઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસને પાઠવવામાં આવેલ પત્ર નં.વેસ્ટ/૩૨૯૪ તા.૯–૨–૧૨ ના પત્રની નકલ, ડીપીએ–૭૮ તા.૨૦–૬–૧૧ થી રાંદેરઝોન તરફથી આપવામાં આવેલ ડેવલપમેન્ટ પરમીશનની નકલ તથા ફોર્મ–સીની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૨–૨–૧૨ ના રોજ આપેલ પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસટઝોન/આરટીઆઈ/૯૯૨ તા.૨૧–૧–૧૨ થી અરજદારની તા.૨૯–૧૧–૧૧ ની અરજી બાબતે " ટીપી સ્કીમ નં.૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૧૨૨ માં આપેલ ન્યુ તરૂણ મોટર્સ વાળી મિલ્કત પશ્ચિમઝોન કચેરીએ ટેમ્પરરી સ્ટ્રકચર ગેરેજની પરવાનગી તા.૧૦–૧–૧૧ થી તા.૯–૪–૧૧ આપેલ કલમ–૧૬,૨૧ મુજબ ટેમ્પરરી સ્ટ્રકચરની મુદત ત્રણ વર્ષ સુધી પરવાનગી રીન્યુ કરી શકાય છે. સ્થળ તપાસ દરમ્યાન ગેરેજની જગ્યાએ આર.સી.સી.નું પાકું બાંધકામ જણાતા અરજદારને તા.૭–૪–૧૧ પત્ર નં.૭૩ થી નોટીસ પાઠવેલ. આર.સી.સી.નું પાકું બાંધકામની કાર્યવાહી ટેમ્પરરી સ્ટ્રકચરની મર્યાદામાં આવતી ન હોય તા.૧૫–૪–૧૧ ઈન્વર્ડ નં.૪૯૨ થી દબાણ દુર કરવાનો પત્ર શહેર

વિકાસ વિભાગના જુની. ઈજનેરશ્રીને રવાના કરેલ. જેની નકલ વેસ્ટઝોન કચેરીમાં રૂા.૨/– જમા કર્યેથી મેળવી શકાશે. આર.સી.સી. બાંધકામની પરવાનગી રીન્યુ ન કરી શકાય જેથી કાર્યપાલક ઈજનેરશ્રીએ તા.૨૦–૬–૧૧ ના પત્ર નં. ૪૦૧ થી ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી રદ કરેલ હોય ત્યાર બાદ શહેર વિકાસ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં અરજદારે તા.૨૮–૬–૧૧, ડીપીએ નં.૮૬ થી વેસ્ટઝોનમાં વિકાસ પરવાનગી મેળવવા અરજી કરેલ. ત્યાર બાદ ૯–૧૧–૧૧ આ.નં.૧૨૬૧ થી મધ્યસ્થ શહેર વિકાસને રવાના કરવામાં આવેલ. જેના પત્રની નકલ રૂા.૧૬/– કચેરીએ ભર્યેથી મળી શકશે. પ્લોટ નં.૧ અને ૨ ની વિકાસ પરવાનગી કાર્યવાહી હેઠળ છે. અને પ્લોટ નં.૬ ને વિકાસ પરવાનગી આપવામાં આવે છે. જેના પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલના રૂા.૧૨૨/– ભરપાઈ કર્યેથી મળી શકશે. આનંદ મહલ રોડ સ્થિત સમય કોમ્પલેક્ષની દુકાન નં.૧ વાળી મિલ્કતમાં ચાલતાં ફાસ્ટફુડ કોર્નરની કોઈ પરવાનગીનો રાંદેરઝોન કચેરીમાં રેકર્ડ ઉપલબ્ધ નથી.

જે અંગે અરજદારે તેમની તા.૨૨–૨–૧૨ ના પૂરક પત્રથી તા.૨૯–૧૧–૧૧ ના રોજ મ્યુ. કમિ. ને લખેલ પત્રના અનુસંધાને કમિ..શ્રી વિભાગ ધ્વારા થયેલ કામગીરીની નકલ સહિતની વિગતો માંગી હતી પરંતુ કમિ.શ્રી તરફથી તા.૨૯–૧૧–૧૧ ના રોજ પત્ર સહિત જે જે પુરાવાઓ અમે મોકલ્યા હતા તે તમામ પુરાવાઓ રાંદેરઝોનમાં મોકલી આપેલ છે તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા કમિ. ધ્વારા થયેલ કામગીરીની નકલો આપવાને બદલ જે જે નકલો અમે પત્ર સાથે બીડાણ કરેલ હતી તથા જે જે નકલો અગાઉ રાંદેરઝોનમાંથી મેળવેલ છે તે તમામ નકલો પટે રૂા.૧૪૦/– ભરવા જણાવતો પત્ર મોકલવામાં આવ્યો છે જે માહિતી માંગી નથી તેની નકલ પેટે ફી ભરવાનું જણાવવામાં આવેલ છે અને જે માહિતી માંગી છે તેની નકલો અમને આપવામાં ન આવતા અપીલ અરજી કરેલ છે. તા.૨૯–૧૧–૧૧ ના પત્રના અનુસંધાને જો કોઈ કાર્યવાહી થઈ હોય તો તેની નકલની અરજદારે માંગણી કરેલ છે. આમ અરજદારને તા.૨૯–૧૧–૧૧ સુધીની માહિતી મળી ગયેલ છે પરંતુ ત્યાર બાદ જો કોઈ કાર્યવાહી થયેલ હોય તો અને જો તે દફતરે ઉપલબ્ધ હોય તો તે માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. જાહેર માહિતી અધિકારી તરફથી પણ પૂરક વિગતોમાં માહિતી પેટેરૂા.૧૪૦/– અરજદારે ભરેલ છે અને તેની નકલો રાંદેરઝોન તરફથી મેળવેલ છે. આથી તે માહિતી મેળવ્યા અંગે કોઈ તકરાર નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં કમિ.શ્રીને ઉદ્દેશીને લખેલ પત્ર અન્વયે રાંદેરઝોન તરફથી ટીપી નં.૩૧(અડાજણ) ફા.પ્લોટ નં.૧૨૧ માં આવેલ તરૂણ ગેરેજમાં શેડ અન્વયે રાંદેરઝોન તરફથી તા.૬–૨–૧૨ નં.૧૪૩૭ થી નોટીસ આપી દિન–૩ માં શેડનું બાંધકામ દુર કરવા જણાવેલ. જે અન્વયે અરજદારે સ્થળે બનાવેલ શેડ જાતે દુર કરેલ છે. જે અન્વયે રાંદેરઝોન કચેરીએ લીધેલ તા.૧૪–૨–૧૨ ના ફોટોગ્રાફ નંગ–૨ રજૂ કરેલ છે. તેમજ ટીપી સ્કીમ નં.૧૩ (અડાજણ) માં આવેલ સમય કોમ્પલેક્ષ હાઈરાઈઝ બિલ્ડીંગમાં બનાવેલ " ફ્રેન્ડ કોર્નર" ના ટેમ્પરરી સ્ટ્રકચરની મંજુરી રાંદેરઝોન કચેરીએ આપેલ નથી. પરંતુ સદર બિલ્ડીંગ હાઈરાઈઝ હોય કાર્યવાહી માટે મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને કરવાની હોય જે અંગે રાંદેરઝોન કચેરીએથી પત્ર નં.૩૨૯૪ તા.૯–૨–૧૨ થી ઘટિત કાર્યવાહી માટે જાણ કરેલ છે. પ્લોટ નં.૧ અને ૨ માટે વિકાસ પરવાનગીની ફાઈલ રજૂ થયેલ છે. જે મજુર કરવાની કાર્યવાહી ચાલુ છે અને પ્લોટ નં.૬ માં વિકાસ પરવાનગીના પ્લાન મંજુર કરવામાં આવેલ છે. તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે. પરંતુ અરજદારે તે અંગે કોઈ વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. આથી અરજદારની તા.૨૯–૧૧–૧૧ ની અરજી બાદ પૂરક વિગતોમાં જણાવેલ થયેલ કાર્યવાહીની વિગતો અરજદારને પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૩–૧–૧૨ ધ્યાને લેતાં ૨૧–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૦૭–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૭ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત ફરીયાદ હકીકતમાં જણાવેલ અપીલ માટે પૂરક વિગતોમાંથી આપેલ અરજદારની તા. ૨૯–૧૧–૧૧ના રોજની રજુઆત બાદ થયેલ કાર્યવાહી અંગેની દફતરી માહિતી નકલો સહિતઅરજદારને પૂરી પાડેલ ન હોય આરટીઆઈ

એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન )ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ